# શહેર-જિલ્લાના રૂ. ૧૩૪.૬૪ કરોડનાં કામોનું ઈ-લોકાર્પણ - ખાતમુહૂર્ત કરાયું

**કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે નવી દિલ્હીથી વિડિયો કોન્ફરન્સિંગથી ગૃહ મંત્રીશ્રી દ્વારા ગાંધીનગર જિલ્લા અને મહાનગરપાલિકાના ઇ-લોકાર્પણ – ખાતમુહૂર્ત કરાયું**





ગાંધીનગર, તા.૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ શ્રી અમિતભાઈ શાહે આજે ગાંધીનગર જિલ્લા અને ગાંધીનગર મહાનગરના રૂ. ૧૩૪.૬૪ કરોડનાં કુલ ૩૯ પ્રજાલક્ષી કામોનું ઈ-લોકાર્પણ અને અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે કુલ રૂ.૧૫.૦૧ કરોડનાં સાત કામોનું ઈ-લોકાર્પણ અને કુલ રૂ.૧૧૯.૬૩ કરોડનાં ૩૨ કામોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

નવી દિલ્હીથી વિડિયો કોન્ફરન્સિંગથી સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, “વિશ્વમાં માનવજાતેમાં કદી ન જોયું હોય તેવા કોરોના સંકટનો સામનો કર્યો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં આપણે ઉદાહરણરૂપ કહી શકાય તેવી સુનિયોજીત લડાઈ લડ્યા છીએ. ગુજરાતમાં વિદેશથી આવનારા લોકો વધુ હતા પણ રાજયએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં લડાઈ લડી છે. ગુજરાતે મક્કમતાથી કોરોનાની સ્થિતિમાં સુધારો કર્યો છે. રાજ્યમાં કોરોનાનો મૃત્યુદર નીચો આવ્યો છે અને સાજા થયેલ લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. પણ લડાઈ હજુ સમાપ્ત નથી થઈ. કોરોના સામે.જનજાગૃતિ જે એક માત્ર રસ્તો છે, જ્યાં સુધી વૈજ્ઞાનિકો તેની રસી અને દવા ન શોધે ત્યાં સુધી આપણે આ સંકટ સામે લડવાનું છે. દેશમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના તથા ગુજરાતમાં શ્રી વિજયભાઈ અને શ્રી નિતિનભાઈના નેતૃત્વમાં સફળતાપૂર્વક લડાઈ લડી છે. જ્યાં સુધી રસી ન શોધાય ત્યાં સુધી જનજાગૃતિ એક માત્ર ઉપાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જોખમી સરકારી આવાસોનો ઝડપથી નિકાલ કરાશે

**સે-૬ માં કોર્ડન કરાયેલો ખાલી બ્લાક જમીનદોસ્ત થયા બાદ તંત્ર સફાળુ જાગ્યુ : જોખમી આવસોમાંથી રહેણાંકને પણ ખાલી કરાવવા માટે કડક વલણ અપનાવાયુ**

ગાંધીનગર તા ૧૦

વરસાદી દિવસોના અંતે શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી અત્યંત જોખમી મકાનો તંત્ર માટે ચિંતાનો વિષય બન્યા છે. સે-૬ માં બ્લોક ધરાશાયી થવાની ઘટના બાદ જોખમી આવાસોના મામલે તંત્ર સફાળુ જાગ્યુ છે. ખાલી કરાવી દેવાયા હોય તેવા જોખમી બ્લોકનો પણ ઝડપી નિકાલ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરાઈ છે. જયારે જોખમી આવાસોમાં રહેણાંક હોય તો પણ ત્વરિત ખાલી કરાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. જયારે સેકટરોમાં ભયજનક આવાસો તબક્કાવાર ખાલી કરાવામાં આવી રહ્યા છે. વરસાદી દિવસોના અંતે જોખમી મકાનો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત પણ પ્રબળ બની રહી છે. આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગ દ્વારા જોખમી મકાનો અંગે સર્વેની પ્રકીયા પણ અગાઉ હાથ ધરવામાં આવી હતી જેના અંતે વિવિધ કક્ષાના સરકારી આવાસોને વિવિધ કેટેગરીમાં તારવીને અત્યંત જોખમી મકાનો તાત્કાલિક ખાલી કરાવી દેવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામામાં આવી છે. ચાર દિવસ અગાઉ જ સે- ૬ માં એક જોખમી બ્લોક ધરાશાયી થયો હતો જો કે આ બ્લોક ખાલી હતો અને વિભાગ કક્ષાએથી અગાઉ જ કોર્ડન કરી દેવાયો હોવાથી કોઈને પણ ઈજા થવા પામી ન હતી. સે- ૬ માં આ પ્રકારના ભયજનક બ્લોક ઘણાં સમયથી ખાલી કરાવી દેવાયા છે. જયારે સે-૭ અને સે-૨૯ અને સે-૩૦ બાદ હાલ સે-૬ માં નવા સરકારી આવાસો બાંધવામાં આવી રહ્યા છે. બીજીતરફ જોખમી મકાનો પણ તોડવામાં આવી રહ્યા છે. સે-૬ માં બ્લોક જમીનદોસ્ત થયા બાદ જોખમી આવાસોના મામલે તંત્ર સફાળુ જાગ્યુ છે. તંત્ર દ્વારા જોખમી બ્લોક ખાલી કરાવાના મામલે પણ કડક વલણ અપનાવાયુ છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકની દ્રષ્ટીએ મોટાભાગના જોખમી છે. જયારે જે આવાસો રીનોવેશનની કેટેગરીમાં આવતા હોય તેને પણ તબક્કાવાર મજબુતીકરણ હેઠળ લેવામાં આવી રહ્યા છે. ત્યારે જોખમી આવાસોમાંથી રહેણાંક દુર કરવા માટે પણ તંત્ર કામે લાગ્યુ છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી અત્યંત જોખમી હોય તેવા આવાસોને પણ અગ્રતા આપી ખાલી કરાવવા માટે તંત્ર કામે લાગ્યુ છે. જયારે ખાલી જોખમી બ્લોક પણ ત્વરિત તોડી નાંખવા માટે પણ કાર્યવાહી હાથ ધરવા આયોજન કરાયુ છે.

# સચિવાલયમાં વધુ ચાર કર્મીઓ કોરોના પોઝીટીવ : વધુ ૪૬૦ ટેસ્ટ કરાયા

**સતત છઠ્ઠા દિવસે નવા સચિવાલયના કર્મયોગીઓના રેપીડ ટેસ્ટ કરાયા : આગામી ત્રણ-ચાર દિવસ સુધી આ કવાયત ચાલુ રહેશે**

ગાંધીનગર, તા. ૧૦

નવા સચિવાલયમાં સતત છઠ્ઠા દિવસે સરકારી કર્મચારીઓ-અધિકારીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આજે વધુ ૪૬૦ કર્મયોગીઓનો ટેસ્ટ કરાતા ૪ નો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરમાં વધુને વધુ સરકારી કર્મચારીઓ કોરોનાનો ભોગ બની રહ્યા છે. નવા સચિવાલયમાં સરકારી કર્મીઓ ઉપરાંત મહાનુભાવો અને મુલાકાતીઓની અવરજવર અહી વધુ રહેતી હોવાથી કોરોના ટેસ્ટ કરાવવાની જરૂરીયાત ઉભી થઈ હતી. આરોગ્ય વિભાગ અને મહાનગરપાલિકાની હેલ્થ ટીમો દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી નવી સચિવાલયમાં આવેલી તમામ કચેરીઓ, વિધાનસભા અને સ્વર્ણિમ સંકુલના તમામ કર્મયોગીઓના રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે. આ ટેસ્ટ કરવામાં આવતા ઘણા કર્મચારીઓ પોઝીટીવ આવી રહ્યા છે. આજે સતત છઠ્ઠા દિવસે વિવિધ કચેરીઓના ૪૬૦ કર્મચારીઓના ટેસ્ટ કરાયા હતા. જે પૈકી ૪ કર્મચારીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. હજુ ઘણા કર્મચારીઓના ટેસ્ટ બાકી હોવાથી આગામી ત્રણ-ચાર દિવસ સુધી આ કવાયત ચાલુ રહેશે.

# શહેરમાં નવા ૧૭ કેસ નોંધાયા

**સે. ૨૯ માંથી ૩, સે. ૨ અને સે. ૭ માંથી પણ ૩-૩ કેસ : સે. ૨૨ અને સે. ૩ માંથી ૨-૨ કેસ ઉપરાંત ઈન્દ્રોડા, સે. ૨૬, સે. ૮ અને સે. ૩૦ માંથી કેસ મળ્યા : સારવાર દરમ્યાન સે. ૨ ના દર્દીનું મોત**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૭ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૬૬ થવા જાય છે.

શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. સે. ૨નો રહીશ આ દર્દી હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને સારવાર માટે ૨૯મી ઓગષ્ટના રોજ દાખલ કરવામાં આવેલ હતા.

મળતી વિગતો પ્રમાણે ૫૭ વર્ષીય આ પુરૂષ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયાના અહેવાલો વાયુવેગે સેક્ટર-૨ માં પ્રસરતાં જ સેક્ટરમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૯, સે. ૩, સે. ૨ અને સે. ૭ માંથી ૩-૩ કેસ મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. આ ઉપરાંત સે. ૨૨ માંથી ૨ કેસ મળ્યા છે. સે. ૨૬, સે. ૩, સે. ૮ અને સે. ૩૦ માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં જે ઝડપે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૬ માંથી એક ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૯ માંથી આજે એક જ દિવસમાં ૩ કેસ નોંધાયા છે જેને લઈ તંત્ર ચોંકી ઉઠ્યુ છે. મળતી વિગતો પ્રમાણે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતમાં નોકરી કરતા અને સે. ૨૯ માં રહેતા ૬૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સોફટવેર એન્જીનીયર તરીકે કામ કરતા અને સે. ૨૯ માં જ રહેતા એક ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગોયેન્કા હોસ્પિટલમાં ડેન્ટલ પ્રોફેસર તરીકે સેવાઓ આપતા અધ્યાપક અને સે. ૨૯ માં રહેતા ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૯ કેસ

**ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૧, માણસા-કલોલમાંથી ૩-૩ કેસ મળ્યા : વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૧૯ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા હોવાનું જિલ્લાતંત્રએ કહ્યુ છે જોકે સરકારે ૨૦ કેસ નોંધાયા હોવાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામના એક ૬૬ વર્ષીય પુરૂષ દર્દીનું મોત થયુ છે.

૨૧ ઓગષ્ટથી આ દર્દી સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ગાંધીનરના ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓના સારવાર દરમ્યાન મોતની ટકાવારી જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા પણ રોકેટ ગતિએ વધી રહી હોવાથી તંત્ર હાલ કંઈપણ વિગતો આપવાની બાબતો ટાળી રહ્યુ હોવાનું જાણવા મળેલ છે. ગ્રામીણ વિસ્તારોમાં થઈ રહેલા એન્ટીજન ટેસ્ટ કેટલા અને તેના પરિણામો વિશે તંત્ર સંપૂર્ણ મૌન પાળી રહેલ છે.

ગાંધીનગર જિલ્લામાં જે ૧૯ કેસ નોંધાયા છે તેમાં ૬ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની વધતી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર જિલ્લામાં આજે નોંધાયેલા ૧૯ કેસમાં ૧૨ કેસ ગાંધીનગરમાંથી, દહેગામમાંથી એક કેસ, ૩ કેસ માણસા તાલુકામાં અને ૩ કેસ કલોલમાંથી મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામેથી ૭૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોરોના માટે હોટસ્પોટ બનેલ અડાલજમાંથી ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સંવેદનશીલ કુડાસણમાંથી ૩ મહિલા દર્દીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. કુડાસણમાંથી ૩૦ વર્ષીય મહિલા, ૫૭ વર્ષીય મહિલા અને ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાયસણમાંથી પણ આજે બે કેસ મળ્યા છે. રાયસણમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર વધુ ચિંતીત બન્યુ છે. રાયસણમાંથી ૫૦ વર્ષીય પુરૂષ અને ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકાના આલમપુર ગામેથી આજે એકી સાથે ૪ કેસ કોરોનાના મળી આવ્યા છે. ૪૬ વર્ષીય પુરૂષ, ૩૬ વર્ષીય પુરૂષ, ૩૨ વર્ષીય પુરૂષ અને ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુરમાંથી આજે ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

માણસા તાલુકામાં બે દિવસના વિરામ બાદ આજે ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

તાલુકાના મહુડી ગામેથી ૪૨ વર્ષીય પુરૂષ, રાજપુરા ગામેથી ૫૯ વર્ષીય મહિલા અને વ્યાસ પાલડી ગામેથી ૫૦ વર્ષના પુરૂષનો

● અનુસંધાન પાન-૭ પર



સંધ્યાને સંગ... વરસાદના રંગ : વરસાદે આ વખતે ગુજરાતને ભરપુર પાણી આપ્યુ છે. સમગ્ર ગુજરાતમાં વરસાદ વરસ્યો છે. ગાંધીનગરમાં પણ ઘણા દિવસો સુધી એકધારો વરસાદ વરસ્યો. છેલ્લા એક અઠવાડિયાથી વરસાદે થોડોક વિરામ લીધો છે. ઉગાડ નીકળ્યો છે પરંતુ વાદળોની અવરજવર ચાલુ રહી છે. વાદળોની અવરજવર વચ્ચે શહેરના આકાશમાં સંધ્યા ખૂબ ખીલી હતી. જેના કારણે પ્રકૃતિનું અદ્‌ભૂત સૌંદર્ય જોવા મળ્યુ છે.

# આઠ વર્ષથી બિનઉપયોગી ઓપન એર થિયેટર કોર્પોરેશનને સોંપી દેવાશે

ગાંધીનગર તા ૧૦

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટરનો છેલ્લા આઠ વર્ષથી કોઈ ઉપયોગ નથી. બિન ઉપયોગી ઓપન એર થિયેટર જાળવણીના અભાવે ખંડેર બન્યુ છે. ત્યારે હવે ઓપન એર થિયેટર કોર્પોરેશનને સોંપવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટર આમ નાગરિકો માટે ઉપયોગી બને તેવી યોજના હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

**ઉપયોગ અને જાળવણીના અભાવે ખંડેર થિયેટર લોકઉપયોગી બને તેવી યોજના અનિવાર્ય હોવાનો આમ નાગરિકોનો સુર**

શહેરના હાર્દસમા ઘ-૫ વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટર જાળવણી અને ઉપયોગના અભાવે ખંડર બન્યુ છે. ઓપન એર થિયેટરના નિર્માણ બાદ આઠ વર્ષના લાંબા સમયગાળાના અંતે આ થિયેટર લોકઉપયોગી બન્યુ નથી. શરૂઆતના તબક્કામાં ફાળવણી તેમજ ભાડાના દરમાં ફેરફાર કરાયા બાદ પણ ઓપન એર થિયેટર ભાડાથી મેળવવા માટે નાગરિકો ઉત્સાહ દાખવતા નથી જેના લીધે શહેરના હાર્દસમા વિસ્તારમાં જગ્યાનો બિનજરૂરી ઉપયોગ થઈ ગયો હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. ઓપન એર થિયેટર આસપાસ પણ હાલ ગંદકી જોવા મળી રહી છે. સિક્યુરીટીના અભાવે થિયેટર ક્યારેક શ્રમિકો માટે આશ્રાનુ સ્થાન પણ બને છે. ઓપન એર થિયેટરના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૫૫ લાખનો ખર્ચ કરાયો હતો. પરંતુ વિવિધ કાર્યક્રમો સહીતના સમારંભો માટે નિર્માણ કરાયેલા થિયેટરનો ઉપયોગ કરવામાં ભારોભાર નિરસતા જોવા મળી રહી છે. કોરોના કાળ પુર્વે પણ યોજાતા કાર્યક્રમો દરમિયાન ઓપન એર થિયેટર ભાડે મેળવવા માટે પણ ભારોભાર નિરસતા જોવા મળી રહી હતી. જયારે છેલ્લા ઘણાં વર્ષોથી બિન ઉપયોગી બનતા આ થિયેટરની નિભાવણી પણ તંત્ર માટે ખાતર માથે દિવા સમાન બની છે. ત્યારે ઓપન અર થિયેટરનો હવાલો હવે કોર્પારેશનને સોંપવા માટે પણ ગતિવિધિ હાથ ધરવામા આવી છે. આ માટે ટુંકમાં વહીવટી પ્રકીયા પુર્ણ કરી દેવાયા બાદ થિયેટર કોર્પોરેશને સોંપી દેવાશે પરંતુ શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત આ થિયેટર આમ નાગરિકો માટે ઉપયોગી ક્યારે બને તેવુ આયોજન થાય તે અનિવાર્ય હોવાનો સુર પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

# આજે પંચાયતની ખાસ સામાન્ય સભા

**સામાન્ય ચૂંટણીઓ પૂર્વેની અંતિમ સામાન્ય સભા હોવાના સંકેતો : વિકાસ કામોને લઈ ચર્ચાઓ કરાશે**

ગાંધીનગર, તા. ૧૦

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા પંચાયત પ્રમુખ મંગુબેન શ. પટેલના અધ્યક્ષસ્થાને મળશે.

બપોરે ૧ વાગે સરદાર પટેલ હોલમાં આ ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. ખાસ સામાન્ય સભા હોવાથી આ બેઠકમાં પ્રશ્નોત્તરીનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

છેલ્લા બે વર્ષમાં આ ચોથી ખાસ સામાન્ય સભા મળી રહી છે. પંચાયતોની સામાન્ય ચૂંટણી પહેલાંની આ અંતિમ સામાન્ય સભા હશે તેમ રાજકીય વર્તુળોનું કહેવુ છે. આ બેઠકમાં અધિકારીઓએ આપેલા સાનુકૂળ પ્રતિસાદને લઈ ખાસ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે તેમજ કોરોનાની મહામારીમાં કોરોના વોરિયર્સની સેવાઓને બિરદાવતો ખાસ અભિનંદન પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

આ બેઠકમાં પંચાયત હસ્તકના ગામડાઓના વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવશે આ ઉપરાંત ૨૦૧૯-૨૦માં જે કામો સ્વભંડોળમાંથી થયા છે તેને બહાલી પણ આપવામાં આવનાર છે.

આ બેઠકમાં આરોગ્યતંત્ર દ્વારા તાલુકાના ૧૯ ગામોને અમદાવાદ-ગાંધીનગર સાથે ભેળવવામાં આવતાં આરોગ્ય કેન્દ્રોના કરાયેલા રિસ્ટ્રક્ચરને પણ બહાલી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયતની આ ખાસ સામાન્ય સભા હોવા છતાં કોઈ ખાસ રાજકીય ઉત્તેજનાઓ દેખાતી નથી.

# ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા ૧૫મીએ પુનઃ મળશે

**કલેક્ટર કચેરીના સમિતિ કંડમાં આ બેઠકનું આયોજન કરાયુ : માત્ર સભ્યોને જ પ્રવેશ અપાશે : કડક પોલીસ બંદોબસ્ત માટે પણ સૂચના**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતની ગઈકાલે મુલ્તવી રખાયેલ સામાન્ય સભા હવે ૧૫મીએ બપોરે ૧૨ વાગે કલેક્ટર કચેરીના સમિતિ ખંડમાં મળશે.

આજે આ અંગે અધ્યાશી અધિકારી વ કલોલ પ્રાંત અધિકારીએ આ અંગેની જાણ તાલુકા પંચાયતની કચેરીને કરી સભ્યોને તે અંગે જાણ કરવા માટેની સૂચનાઓ આપી છે.

સભા મુલ્તવી રખાયા બાદ ગઈકાલે અને આજે કોંગ્રેસના નેતાઓ જિલ્લા કલેક્ટરને મળ્યા હતા અને ઉપવાસ આંદોલન માટેની મંજૂરી આપવા આગ્રહ કર્યો હતો પરંતુ કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આ નેતાઓને ખાતરી આપી હતી કે આજે સાંજ સુધીમાં બેઠકની નવી તારીખ જાહેર કરી દેવાશે એટલે ઉપવાસ આંદોલનની જરૂર નહિ પડે.

આજે સાંજે આ તારીખ જાહેર થતાં જ રાજકીય વર્તુળોમાં પાછી ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

નવી સામાન્ય સભા કલેક્ટર કચેરીના સમિતિ ખંડમાં મળશે જેથી સોશિયલ ડિસ્ટન્સીંગના પ્રશ્નો ઉભા થશે નહિ. જો કે સભાખંડમાં માત્ર ને માત્ર સભ્યોને જ વેરીફેકેશનના આધારે પ્રવેશ આપવામાં આવશે. માત્ર ૨૭ સભ્યો જ આ બેઠકમાં હાજર રહી શકશે.

સામાન્ય સભા માટેનું સ્થળ બદલવામાં આવ્યુ છે તેમજ તેનો સમય પણ ૧૨ વાગે રાખવામાં આવ્યો છે. આ માટે જરૂરી પોલીસ બંદોબસ્ત સહિતની વ્યવસ્થા કરવા તાલુકાના અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

૧૮મીએ વર્તમાન પ્રમુખની મુદત પૂર્ણ થાય છે. હાલ ઈન્ચાર્જ પ્રમુખ જગદીશભાઈ પટેલ છે.

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ટચૂકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com